સમયમર્યાદા / તાત્કાલીક

ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૨૨/૪૯૯૨
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબરઃ૧/૩જો માળ,ગુજરાત રાજ્ય,
ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
તારીખઃ૨૦/૦૬/૨૦૨૨

પ્રતિ,
નાયબ નિયામકશ્રી(તાલીમ),
પ્રાંદેશિક કચેરી,
**અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત**

વિષયઃ **પ્રવેશસત્ર-૨૦૨૨ની ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ લંબાવવા બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં **પ્રવેશસત્ર-૨૦૨૨**માં ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી હાલ ચાલી રહેલ છે. **તારીખઃ૨૦/૦૬/૨૦૨૨**ની ઓનલાઇન રજીસ્ટ્રેશનની આંકડાકીય વિગતો જોતાં મોટા ભાગની સંસ્થાઓની ભરવાપાત્ર બેઠકોની સાપેક્ષે ઓનલાઇન રજીસ્ટ્રેશન થયેલ પ્રવેશ અરજી ફોર્મની સંખ્યા ખૂબજ ઓછી જણાયેલ છે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની તથા રજીસ્ટ્રેશન ફી ભરી ઓનલાઇન સબમિટ દકરવાની તારીખ લંબાવી **તારીખઃ૨૬/૦૬/૨૦૨૨** નિયત કરવામાં આવેલ છે. **પ્રવેશસત્ર-૨૦૨૨**નો રીવાઇઝડ એકશનપ્લાન આ સાથે સામેલ રાખેલ છે. તથાપિ આ અંગેની જાહેરાત વડી કચેરી દ્વારા દૈનિક વર્તમાનપત્રમાં આપવામાં આવેલ છે.

આ સંજોગમાં આપના તાબા હેઠળની સંસ્થાઓ ખાતે **પ્રવેશસત્ર-૨૦૨૨**માં ભરવાપાત્ર બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય અને સંપૂર્ણ બેઠકો ભરાય તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની સંસ્થાઓને જરૂરી સૂચના આપવાની રહેશે. અને આ બાબતે જરૂર જણાયે સ્થાનિક વર્તમાનપત્રોમાં વિના મૂલ્યે પ્રેસનોટ પણ આપવાની રહેશે. તેમજ પ્રચાર / પ્રસારના માધ્યમો દ્વારા ઘનિષ્ટ ઝુંબેશ હાથ ધરી જે તે સંસ્થાઓ ખાતે ભરવાપાત્ર ટ્રેડ / બેઠકોનો જાહેર સ્થળો, શાળા/કોલેજ, બસ/રેલ્વે સ્ટેશન, પંચાયત ઘર, દૂધ મંડળી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સખી મંડળી, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વ્યાજબી ભાવની દૂકાનો વિગેરે જાહેર સ્થળોએ ચોપાનીયા છપાવી પ્રચાર / પ્રસાર કરવાનો રહેશે.

**(ફાઇલ પર નિયામકશ્રીની સહી છે)**

બિડાણઃ રીવાઇઝડ એકશનપ્લાન

આપનો વિશ્વાસુ

(ડી.પી.મકવાણા)
મદદનીશ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

**નકલ રવાનાઃ**

૧. રાજ્યની તમામ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના વડાઓ તરફ.
૨. વડી કચેરીની શાખાઃઘ(GIA/SF), IT Cell, GCVT ગાંધીનગર તરફ
૩. શ્રી અમીત ડી. શાહ, સીનીયર ટેકનિકલ ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર(NIC), બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય , ગાંધીનગર તરફ જાણ તથા પોર્ટલમાં જરૂરી સુધારો કરવા અંગેની ઘટતી કાર્યવાહી સારૂ.
૪. સુપ્રિટેન્ડન્ટશ્રી, વી.આર.સી. ફોર હેન્ડીકેપ્ડ, કુબેરનગર, અમદાવાદ તરફ જાણ સારૂ.
૫. કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં.૨, ૬ઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ તરફ

નાડીયા/Admission-2022.doc/

# સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રવેશ સત્ર:૨૦૨૨ માટેનો પ્રવેશ એકશન પ્લાન(રિવાઈઝડ)

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| | પ્રથમ રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કર્યાની તારીખ | તારીખ:૦૨/૦૫/૨૦૨૨ |
| ૨ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની, રજીસ્ટ્રેશન ફી ભરી ઓનલાઇન સબમિટ કરવાની તથા પ્રવેશ ફોર્મમાં હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા-વધારા કરવાની છેલ્લી તારીખ | તારીખ:૨૬/૦૬/૨૦૨૨ |
| ૩ | પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૨૭/૦૬/૨૦૨૨ |
| ૪ | આખરી બેઠકો પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૨૪/૦૬/૨૦૨૨ |
| ૫ | પ્રવેશ મોક-રાઉન્ડ માટે ચોઇસ ફીલીંગની તારીખ, મેરીટ લીસ્ટમાં વાંધાઓ તથા તે સુધારા-વધારા માટેની તારીખ તથા દિવ્યાંગ ઉમેદવારોને VRC A'bad દ્વારા ટ્રેડ સ્યુટેબિલીટી સર્ટિફીકિટ ઇસ્યુ કરવાની તારીખ | તારીખ:૨૮/૦૬/૨૦૨૨ થી તારીખ:૦૧/૦૭/૨૦૨૨ |
| ૬ | પ્રવેશ મોક-રાઉન્ડનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ:૦૨/૦૭/૨૦૨૨ |
| ૭ | આખરી મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૦૩/૦૭/૨૦૨૨ |
| ૮ | પ્રવેશના પ્રથમ રાઉન્ડ માટે ચોઇસ ફીલીંગ સુધારા-વધારા માટેની તારીખ | તારીખ:૦૪/૦૭/૨૦૨૨ થી તારીખ:૧૦/૦૭/૨૦૨૨ |
| ૯ | પ્રવેશના પ્રથમ રાઉન્ડનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ:૧૧/૦૭/૨૦૨૨ |
| ૧૦ | પ્રવેશ ફી ભરી જે તે સંસ્થા ખાતે રૂબરૂ જઇ પ્રથમ રાઉન્ડના પ્રોવિઝનલ પ્રવેશને સ્વીકારવાની તારીખ તથા પ્રથમ રાઉન્ડ પ્રવેશ ઓનલાઇન રદ કરવાની તારીખ | તારીખ:૧૨/૦૭/૨૦૨૨ થી તારીખ:૧૭/૦૭/૨૦૨૨ |
| ૧૧ | પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકો જાહેર કરવાની તારીખ | તારીખ:૧૮/૦૭/૨૦૨૨ |
| ૧૨ | બીજા રાઉન્ડ માટે ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાની, રજીસ્ટ્રેશન ફી ભરી ઓનલાઇન સબમિટ કરવાની તથા પ્રવેશ ફોર્મમાં હેલ્પ સેન્ટર ખાતેથી સુધારા-વધારા કરવાની તારીખ | તારીખ:૧૨/૦૭/૨૦૨૨ થી તારીખ:૧૭/૦૭/૨૦૨૨ |
| ૧૩ | પ્રવેશના બીજા રાઉન્ડ માટે ચોઇસ ફીલીંગની તારીખ તથા દિવ્યાંગ ઉમેદવારોને VRC A'bad દ્વારા ટ્રેડ સ્યુટેબિલીટી સર્ટિફીકિટ ઇસ્યુ કરવાની તારીખ | તારીખ:૧૯/૦૭/૨૦૨૨ થી તારીખ:૨૧/૦૭/૨૦૨૨ |
| ૧૪ | બીજા રાઉન્ડનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ:૨૨/૦૭/૨૦૨૨ |
| ૧૫ | પ્રવેશ ફી ભરી જે તે સંસ્થા ખાતે રૂબરૂ જઇ બીજા રાઉન્ડના પ્રોવિઝનલ પ્રવેશને સ્વીકારવાની તારીખ તથા પ્રવેશ ઓનલાઇન રદ કરવાની તારીખ | તારીખ:૨૫/૦૭/૨૦૨૨ થી તારીખ:૩૦/૦૭/૨૦૨૨ |
| ૧૬ | પ્રવેશ સત્ર શરૂ કરવાની તારીખ | As Per DGT Guideline |

**સહી-**
નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

**રવાનાકર્યુ:**

**(વી.એસ.ચંપાવત)**
નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

નાડીયા/Actionplan-2022.docx/